ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૯ ટકા

# ટેન્કરોવાળાઓને ચરેડી પપીંગ સ્ટેશનથી પાણી બંધ કરાતાં હાલાકી

## સરકારી બોર બંધ થતા ટેન્કરનું વેચાતું પાણી મોઘું થયું : ટેન્કરદીઠ રૂ. ૫૦ વસૂલતા હતા જે રૂ. ૧૧૫ ચૂકવવાનો વારો



ગાંધીનગર, તા.૧૨

શહેરમાં સેકટર-૨૮ પપીંગ સ્ટેશનમાં સરકારી બોરમાંથી ટેન્કરના ધંધાર્થીઓને પાણી આપવાનું બંધ કરી દીધુ છે. જે સરકારી બોરથી છેલ્લા પંદરથી વીસ વર્ષથી પાણીના ટેન્કર ભરી આપવામાં આવતા હતા તે સરકારી બોર અચાનક જ બંધ કરી દેવાયા છે. જેના કારણે ૪૦ થી ૫૦ ખાનગી ટેન્કર ધારકો અને કોન્ટ્રાકટરોના ટેન્કરોના ટેન્કર ભરવા માટે ભારે હાલાકી ઉભી થઈ છે. તેમાં ડીઝલના ભડકે બળતા ભાવમાં ટેન્કર ભરવા માટે દૂર દૂર સુધી ભટકવું પડે છે. જેમાં ખાનગી બોર ધારકો ટેન્કરવાળાઓ પાસેથી વધુ ચાર્જ વસુલ કરે છે. આવનારા ઉનાળામાં પાણીની જરૂરિયાત વધારે હોવાથી ધંધાર્થીઓને ટેન્કર ભરવા માટે તકલીફ પડશે. જે સરકારી બોર ૨૦૧૫ની સાલ સુધી ૫૦૦૦ લીટર પાણીના ૫૦ રૂપિયા ચાર્જ વસુલી પાણી ભરી આપતા હતા તે વર્ષ ૨૦૧૫ પછીનો ચાર્જ વધારી લીધો છે. જે ૧૧૫ રૂ. ચાર્જ ૫૦૦૦ લીટર પાણી ભરી આપવાનો કર્યો હતો તેમ છતાં પાણીના ટેન્કર ધારકો ૩૦૦ થી ૩૫૦ રૂપિયામાં પાણીના ટેન્કર જરૂરિયાતમંદોને પુરું પાડતા હતા. જે અત્યારે ૫૦૦ રૂ.થી ૭૦૦ રૂ. ચાર્જ વસુલતા સામાન્ય જનતાને પાણી પીવું મોંઘું પડી રહ્યું છે. પાણીના ટેન્કર ધારકો લોન ઉપર ટ્રેકટર અને ટેન્કર લાવેલા હોવાથી હપ્તા ભરવાની પણ હાલાકી ઉભી થઈ રહી છે. આ કોરોના મહામારીમાં નાગરિકોની રોજગારી છીનવાઈ ગઈ છે ત્યારે સરકારને ટેન્કર ધારકો દ્વારા આ બોર ચાલુ કરી આપવાની વિનંતી કરવામાં આવી હતી. તંત્ર સમગ્ર શહેરમાં પાણી સપ્લાય કરી શકતું નથી. ચોવીસ કલાક પાણી આપવાની વાતો કોર્પોરેશન કરે છે ત્યાં હવે મુશ્કેલીના સમયમાં એક ટેન્કર પર જેઓ આધારિત હતા તેમના માટે મુશ્કેલી વધી છે. શહેરમાં હજુ ઘણા સેકટરોમાં અંતરિયાળ વિસ્તારોમાં પાણીના ટેન્કર મંગાવવા પડી રહ્યા છે પણ હવે જનતાના ખિસ્સા પર વધુ ખર્ચનો બોજ પડશે. ચરેડી વોટરવર્કસ ખાતેનો બોર બંધ કરી દેવાયો છે આથી પાણીના ટેન્કર ધારકોની સ્થિતિ કફોડી બની છે. પહેલા ચરેડીથી જ બોરમાંથી પાણીના ટેન્કર ભરાતા હતા હવે પાણી લેવા માટે નાગરિકોને ઘણી મુશ્કેલીઓ પડશે. પાણીના ટેન્કર ધારકો દ્વારા વારંવાર પાટનગર યોજના વિભાગમાં રજૂઆત કરવામાં આવી છે પરંતુ ત્યાંથી યોગ્ય જવાબ મળતો નથી. સરકારને આ ભાવમાં પાણીનું વેચાણ પોસાતું ન હોવાની વિગતો છે.

## જન્મદિને વધામણી



વિમલ શુક્લ
મો. ૭૦૧૬૬ ૧૦૫૬૦

## ગાંધીનગરની દીકરી ચાહના દવે કથકમાં ગોલ્ડ મેડલ સાથે ગ્રેજ્યુએટ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની કલાકાર દીકરી ચાહના દવેને 'ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી', બરોડા દ્વારા બેચલર ઓફ પરફોર્મિંગ આર્ટસ, નૃત્ય વિભાગમાં કથક વિષયમાં તેજસ્વી પરિણામ બદલ સ્વ. શ્રીમતી ચંદ્રકલા ગંગાણી મેમોરીયલ ગોલ્ડ મેડલ – ૨૦૨૧ અર્પણ કરવામાં આવ્યો કર્યો છે, જે ગાંધીનગર માટે ખુબ ગૌરવની વાત છે.

ચાહનાને નાનપણથીજ નૃત્યનો શોખ હતો. તેને ૫ વરસની નાની ઉમરમાં જમ્મુ-કાશ્મીર ખાતે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લઈ સૌ પ્રથમ રાજ્ય બહાર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ચાહનાએ ૧૭ વરસ ની ઉમરમાં કલાગુરુ ગાર્ગી પસારી ઠક્કરના માર્ગદર્શન હેઠળ કથક નૃત્યમાં વિશારદની પદવી પ્રાપ્ત કરી હતી અને શ્રી અરવિંદ કલા કેન્દ્ર, સેક્ટર-૨૩ ખાતે અભ્યાસ કરી કથક વિભાગમાં સૌપ્રથમ વિશારદ થવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું હતું.

ચાહના, ગાંધીનગરના લોકપ્રિય કોરીઓગ્રાફર નીતીનકુમાર દવે અને બિન્ની દવેનાં સુપુત્રી છે. ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ ગાંધીનગરની કલાસંસ્થા અવસર કલામંદિર, જી ઈ ક્લબ, કુંજ કલા કેન્દ્ર, ગ્રો ફાઉન્ડેશન અને કલાકાર જગત તરફથી તેને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## શાહપુર પ્રાથમિક શાળામાં પુસ્તક વાંચન સ્પર્ધાનું આયોજન





ગાંધીનગર, તા.૧૨

એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને મજબૂત કરવા માટે સમગ્ર શિક્ષા અભિયાન ગાંધીનગર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ – ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ માટે પુસ્તક વાચક સ્પર્ધા(વાચન-અધ્યયન ઉત્સવ) નું આયોજન કરવામાં આવેલ છે. આ માટે ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળામાં પુસ્તક વાચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધો. ૬ થી ૮ ના કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૬માં પટેલ યુગ રમેશભાઈ, ધોરણ-૭માં ઠાકોર આરતી અમરતજી અને ધોરણ-૮માં ઠાકોર ઝલક બાબુજી વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે શાળાના મુખ્ય શિક્ષક, ગામના નિવૃત શિક્ષક તથા શાળાના ભાષા શિક્ષકને લેવામાં આવ્યા હતા. ધોરણ દીઠ ત્રણે વિજેતાને ૧૦૦ રૂપિયા ઈનામ આપવામાં આવ્યું હતું. શાળાના વિજેતા થયેલ આ વિદ્યાથીઓ આગામી કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા આજે લતા દીદીને શ્રધ્ધાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૧

સંસ્કાર ગ્રુપ દ્વારા ભારતની મહાન ગાયિકા લતા મંગેશકરને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ રવિવારે સવારે યોજાશે. તથા સ્વચ્છ રહો સ્વસ્થ રહો તેના વિશે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

## એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં ઓનલાઈન વેશભૂષા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

એમ.બી. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન વેશભૂષા સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ધોરણ ૩થી ૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ વિદ્યાર્થીની બહેનોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં ધો-૩ની જાન્વી જાદવ (રાક્ષસ) અને દ્વિશા પટેલ, ધ્વીતી (રાધા-કૃષ્ણ), ધો-૪ની યાચી ચૌધરી અને નવ્યા ગોસ્વામી (ભારતમાતા), ધો-૫ની વૈભવી દવે (ઝાંસીની રાણી), વેશભૂષાની પ્રવૃત્તિમાં વિજેતા થયા હતા. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ માયાબેન અને કિરણબેને કર્યું હતું. શાળાના પ્રિન્સિપાલ નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.



રાષ્ટ્ર સંત આચાર્ય પદ્મસાગર મ સાહેબ કોબા ખાતે પધારતા તેજલબેન નાયી દંડક મહાનગર પાલિકા ગાંધીનગર અને યોગેશભાઈ પૂર્વ સરપંચ એ કોબા ખાતે તેમના આશીર્વાદ લીધા હતા.

## સે-૬માં સ્થાનિક પ્રશ્નો અંગે વસાહતીઓની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૬માં ભુવનેશ્વર મહાદેવ ખાતે શનિવારે સાંજે સેક્ટરના એ, બી, સી, અને ડી વિભાગના વસાહતીઓની જનરલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સેકટરના પડતર પશ્નોના નિરાકરણ અને સરકારમાં સચોટ રજુઆત કરવા માટે તમામ વિભાગના વસાહતીઓના સંગઠની રચના કરવી અનિવાર્યતાને અનુલક્ષીને ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સેકટરના તમામ વિભાગના વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.



આપણે ત્યાં કહેવત છે કે 'ગાડા નીચે કુતરું ચાલતું હોય તો એવા રૂઆબથી ચાલે કે જાણે આખું ગાડું તે જ ખેંચતું હોય.' જો કે હે તો ગાડા રહ્યા નથી અને તેનું સ્થાન શહેરમાં મોંઘીદાટ ગાડીઓએ લઈ લીધું છે અને આ ગાડીઓ નીચે કૂતરાંને ચાલવું શકય નથી, નહીંતર તેમ કરતાં જીવ ખોવો પડે. કદાચ આ બાબતનો બદલો લેતા હોય તેમ હવે શ્વાન શહેરમાં પાર્ક કરેલી મોંઘીદાટ ગાડીઓની ઉપર ચઢી બેસે છે અને એવી રીતે આરામ ફરમાવે છે કે જાણે કોઈ રાજાના સિંહાસન પર બેઠાં હોય.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે 'મારું પ્રિય પુસ્તક' વિષય ઉપર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પોતાની પ્રિય પુસ્તક ઉપર વક્તવ્ય રજૂ કર્યા હતા.

## હડતાલ પર બેઠેલાં મનપાના સફાઈ કર્મચારીઓને મેવાણીને મળ્યાં



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ ઘણા દિવસથી હડતાલ પર ઉતર્યા છે અને સેક્ટર-૧૨ના બગીચા ખાતે ધરણાં કરી રહ્યાં છે. હવે આ આંદોલન રાજકિય રંગ પકડતું જાય છે જેમાં હડતાલ કરી રહેલાં સફાઈ કર્મચારીઓને મળવા માટે દલિત નેતા જીગ્નેશ મેવાણી આવી પહોંચ્યા હતા. આ સભામાં તેમણે હડતાળ પર બેઠેલાં સફાઈ કર્મચારીઓના સમર્થનમાં સોમવારે મોટી સંખ્યામાં કર્મચારી સાથે સરકારને રજુઆત કરવાની જાહેરાત કરી હતી.

## કીધા વિના પૈસા લઈ ચોકલેટની ખરીદી કરતા માતા-પિતાએ ઠપકો આપતા દિકરીએ ઘર છોડ્યું

### દિકરીએ અમદાવાદ થી ફોન કરતા પોલીસ પરિવાજનો જઈને લઈ આવ્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર વિસ્તારમાં એક અજીબો ગરીબ ઘટના સામે આવી છે. જેમાં એક દિકરીએ કીધા વિના ઘરમાંથી પૈસા લઈ ચોકલેટ લેવા ગઈ હતી. ચોકલેટ લઈને આવેલી દિકરીને માતા-પિતાએ પૈસા ક્યાંથી લાવી તે અંગે પુછપરછ કરી હતી. જેમાં દિકરીએ ઘરમાં રહેલા પાકિટમાંથી પૈસા લઈ ચોકલેટ લાવી હોવાની હકીકત જણાવી હતી. જેને પગલે માતા-પિતાએ નાનકડી દિકરીને આ રીતે પૈસા નહી લેવા માટે ઠપકો આપ્યો હતો. જેથી દિકરીને માઠુ લાગતા તે ઘર છોડીને જતી રહી હતી. ત્યારબાદ દિકરીને શોધખોળ કરતા માતા-પિતાને દિકરી મળી ન આવતા તેઓએ પોલીસ મથકે પણ જાણ કરી હતી.જેને પગલે પોલીસે પણ દિકરીને શોધખોળ આદરી હતી. પરંતુ આ દિકરી ચાલતી ચાલતી અમદાવાદ સુધી પહોંચી ગઈ હતી. ત્યારબાદ શું કરવું અને શું ન કરવુ તેની મથામણ બાદ એક વ્યકિત પાસેથી મોબાઈલ ફોન લઈ ઘરે ફોન કર્યો હતો. ત્યારબાદ દિકરીને લેવા માટે તાત્કાલીક પરીવાજનો અને પોલીસ સ્થળ પર પહોંચી ગયા હતા અને દિકરીને લઈને પરત ફર્યા હતા.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમમાં જંગલ ડે સેલિબ્રેશન



ગાંધીનગર, તા.૧૨

એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં જંગલ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓને જંગલની જીવન શૈલી વિશે સમજાવવામાં આવ્યું હતું. નાના નાના ભૂલકાંઓએ અલગ અલગ વેશભૂષા ધારણ કરીને અને પોતાના ઘરને જંગલ જેવું સજાવીને સ્કૂલનાં ગ્રુપમાં ફોટાઓ મોકલ્યા હતાં.

## એસ.એસ.વી શાળામાં કૃમિનાશક ગોળીનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨

એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓને કૃમિનાશક ગોળીનું વિતરણ



કરવામાં આવ્યું હતું. આર્યન બાળકોના માનસિક અને શારિરીક વિકાસ માટે ખુબ જ અગત્યનું પોષક તત્વ છે.પરંતુ બાળકોને કૃમિનો ચેપ લાગે તો શરીરમાં આર્યનની ઉણપ(પાડુંરોગ) થાય છે. જો બાળકને કૃમિનાશક દવા આપવામાં આવે તો બાળકોને આ રોગથી બચાવી શકાય છે અને બાળકોની જીવનધોરણની ગુણવત્તામાં વધારો થઈ શકે છે. જેના ભાગ રૂપે આરોગ્ય વિભાગ ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કૃમિનાશક સપ્તાહ ઉજવાયું હતું. જે દરમ્યાન ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને નિઃશુલ્ક કૃમિ નિયંત્રણની ગોળી આપવામાં આવી હતી. શાળાના પ્રિન્સીપાલ છાયાબેન ભટ્ટ તથા શાળાના શિક્ષકો દ્વારા શાળાના વિદ્યાર્થીઓને આ ગોળી આપવામાં આવી હતી.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ઠાકોર માલીબેન વસરામજી, ઉ.વ. ૪૬, પીંડારડા
- સ્વ. વાઘેલા રામબા રામસિંહ, ઉ.વ. ૯૧, સેકટર-૨૮
- સ્વ. પાલકર અરવિંદભાઈ પ્રભાકર, ઉ.વ. ૮૬, સેકટર-૨૪
- સ્વ. સાકરીયા ગંગાબેન પુરૂષોત્તમભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૨
- સ્વ. ઠાકોર મોતીબેન શંકાજી, ઉ.વ. ૬૬, ડભોડા
- સ્વ. ભીલ ભુરીબેન ગમાજી, ઉ.વ. ૭૪, સેકટર-૨૪
- સ્વ. પટેલ રમેશભાઈ માવજીભાઈ, ઉ.વ. ૮૨, સેકટર-૧૫
- સ્વ. ચૌહાણ લક્ષ્મીબેન નાનજીભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૨
- સ્વ. વાઘેલા તારાબેન સોમાભાઈ, ઉ.વ. ૯૬, સે-૧૩, છાપરાં

## પ.પૂ. પ્રાગદાસબાપાની રામવાડી ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા વર્ષો વર્ષ ઉજવાતા મહાશિવરાત્રી પર્વની શૃંખલામાં આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૬ થી ૧ માર્ચ સુધી આ વખતે ૬૩મા મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી કરવાનું આયોજન કર્યું છે. સૌરાષ્ટ્રની તપોભૂમિ ગરવા ગીરનારમાં અનેક પવિત્ર પૂજય મહાત્માઓ અને જોગીઓ વિચરે છે ત્યાં ઋષિ મુનિઓની હાજરીમાં જુનાગઢ ખાતે ઉજવાતા મહાશિવરાત્રીના મહોત્સવનું અનેરું મહત્વ રહેલ છે. મહાશિવરાત્રીની ઉજવણી સમર્થ પ.પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી નં.૧, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે યોજાશે. ગોદડીયા પરિવારમાં લેવા કરતાં આપવાના મહત્વને સાર્થક કરનારા સૌ ગોદડીયા પરિવારના ભાવિક ભકતજનોને આ શુભ ધાર્મિક પ્રસંગે લાભ લેવા અને આત્માની ઉન્નતિના માર્ગને ઉજ્જવળ બનાવવા આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સૌ તન, મન અને ધનની યોગ્ય સેવા આપી શકશો. પૂ. પ્રાગદાસ બાપુ જુનાગઢ ખાતે વર્ષ ૧૯૬૩માં રામવાડી ખરીદી ત્યારથી ત્યાં સમસ્ત સમાજના સેવાકાર્યો જેવા કે અન્નદાન, વિદ્યાદાન, રકતદાન, આરોગ્ય સેવા, વ્યસન મુકિત, જળસેવા, જીવદયા તથા ધાર્મિક અને સામાજક સેવાના કાર્યો અવિરત ચાલુ છે તેથી સૌ કોઈ આ ઉમદા



કાર્યોમાં સહભાગી બની શકે તે મટે રામવાડી ખાતે આપના સ્વજનોના જન્મદિવસ, લગ્નતિથી કે આપના પ્રિય સ્વજનોની તિથીના દિવસે રામવાડીમાં આખા વર્ષ દરમિયાન અન્નદાન-ભોજન આપી શકાય તે માટે તિથીની નોંધણી ચાલુ કરી છે. તિથીની નોંધણી માટે રૂ. ૫૫૫૫ કે રૂ. ૧૧૧૧૧ (એક ટાઈમ ભોજનના) નું દાન આપીને તિથી નોંધાવી શકો છો. પ.પૂ. પ્રાગદાસ બાપુનો દેહત્યાગ વર્ષ ૧૯૯૮માં થયો હતો. રામવાડી-૧નું બાંધકામ જુના સમયનું હોવાથી ટ્રસ્ટે નવું બાંધકામ વર્ષ ૨૦૨૦ થી હાથ ઉપર લીધું અને આજ સુધી સેવકો તથા યાત્રાળુઓને સગવડતા મળી રહે તે આશયથી આશરે ૫૧ નવા રૂમના જીર્ણોધ્ધાર સાથે બાંધકામ પૂર્ણ કર્યું છે. આ પૈકી ૧૯ રૂમના રૂ. ૨,૫૧,૦૦૦નો ફાળો મળ્યો હતો જેમનો ટ્રસ્ટ વતી આભાર વ્યકત કર્યો હતો. બાકી રહેતા નવા જીર્ણોધ્ધાર રૂમના દાતા તરીકે નામ નોંધાવી શકો છો. કોઈ પણ બેંકનો ચેક પ.પૂ. પ્રાગદાસબાપાની રામવાડી અન્ન ક્ષેત્ર ટ્રસ્ટના નામનો આપને યોગ્ય લાગતી રકમનો ચેક-રોકડા નીચેના સરનામા પર મોકલવા જણાવાયું છે. વેસ્ટર્ન એગ્રી સીડસ લી. ૮૦૨/૧૧, જીઆઈડીસી, અન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮ ગાંધીનગર-૩૮૨૦૨૮. આ ઉપરાંત પરમ પૂજય પ્રાગદાસબાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ નામના એકાઉન્ટ પર બેંક એકાઉન્ટ નંબર ૦૧૪૬૦૨૦૦૦૦૦૪૯૩ બેંક ઓફ બરોડા-સેકટર-૨૧-ગાંધીનગર આઈએફએસસી કોડ **BARB0GANDHI** (પાંચમો કેરેકટર શૂન્ટ છે) પર દાન કરવા જણાવાયું હતું. આ ટ્રસ્ટને આપવામાં આવતું દાન આવકવેરા કાયદાની કલમ ૮૦ જી (૫) અન્વયે કરમુકિત મેળવવા પાત્ર છે.